હિંદુત્વની જાગૃતિ

(ત્રીજી આવૃત્તિ)

—લેખક—

સ્વામી શ્રી વેદાનંદજી

ભારત સેવાશ્રમ સંઘ

સર્વ હક્ક
"શ્રી પ્રણવમઠ"ને સ્વાધીન

— કિંમત —

રૂ. ૨-૦૦

—: ગુજરાત હિંદુ મિલન મંદિરના પ્રકાશનો :—

૧	યુગધર્મ	૧-૮-૦
૨	હિંદુ ઘરસંસાર	૧-૦-૦
૩	હિંદુત્વને હાકલ	૦-૧૨-૦
૪	શ્રી ધર્મસાર	૦-૧૨-૦
૫	સંઘગીતા (ભાગ ૧)	૦-૧૦-૦
૬	સંઘગીતા (ભાગ ૨)	૦-૧૦-૦
૭	શ્રી સદ્‌ગુરુ	૦-૧૦-૦
૮	ગૃહસ્થ ધર્મ	૦-૮-૦
૯	વિદ્યાર્થીનો આદર્શ	૦-૮-૦
૧૦	યુગાચાર્યશ્રીની જીવનપ્રસાદી	૦-૬-૦
૧૧	મનોજય	૦-૫-૦
૧૨	આત્મજ્ઞાન	૦-૪-૦
૧૩	જન્માષ્ટમીનો સંદેશ	૦-૪-૦
૧૪	હિંદુ જાતીયતા	૦-૪-૦
૧૫	બ્રહ્મચર્ય	૦-૩-૦
૧૬	હિંદુ સંગઠન મંત્ર	૦-૨-૦
૧૮	પૂજા ઉપાસના પદ્ધતિ....	૦-૨-૦
૧૯	ગણપતિ પૂજાનું રહસ્ય	૦-૨-૦
૨૦	હિંદુ ધર્મમાં શક્તિની સાધના (ચાર્ટ)	૦-૪-૦
૨૦	હિંદુ ધર્મમાં શક્તિની સાધના (પુસ્તિકા)....	૦-૨-૦
૨૧	હિંદુત્વની જાગૃતિ	૦-૨-૦
૨૨	હિંદુ જાતીનું સંગઠન....	(હવે પછી)
૨૩	હિંદુત્વનો પુનરૂદ્ધાર	,,
૨૪	હિંદુત્વનો દિગ્વિજય....	,,
૨૫	હિંદુત્વ	,,
૨૬	ધાર્મિક ધાડ (મિશનરીઓનું કારસ્તાન)	,,
૨૭	આર્ય સન્નારી	,,

Acharya Shreemat
Swami Pranavanandji Maharaj
Founder :—**Bharat Sevashram Sangh**

હિન્દુત્વની જાગૃતિ

૧ હિન્દુ જાતિનો પુનરુદ્ધાર થશે જ થશે

ગતિ, પરિવર્તન—એ વિશ્વનો, બ્રહ્માંડનો નિયમ છે; કાયમી નિયમ છે. સ્થિરતાનો આભાસ એ ખરી સ્થિરતા ન હોય. અતૂટ-અખંડ ગતિ એટલે જ પ્રકાશ. એકાદ તણખાને ખૂબ જોરથી ફેરવો-ઘુમાવો તો એમાંથી તમને અગ્નિગોળાનું દૃશ્ય દેખાશે.

વિશ્વનો સરજનહાર નિત્ય, સ્થિર, અવિચળ છે. તેના પ્રતિ તમારું ધ્યાન અતૂટ જોડી રાખો તો તમને તેમાંથી જ બધી સમસ્યાઓના અર્થ સાંપડશે. તમામ કોયડાઓના ભેદાભેદ, તમામ ચિત્રવિચિત્રતાઓ અને વિષમતાઓમાં રહેલી એકસૂત્રતા ને તાલબદ્ધ સૂરાવલિ સમજાઇ જશે.

આર્ય ઋષિઓએ હંમેશ બદલાતી-પલટાતી સૃષ્ટિ અંતરિયાળ વસેલા વિશ્વનિયંતાને જોઇ-પિછાની અમૃતત્વ સંપાદન કર્યું હતું. એ અમૃત-સાધનાના પાયા પર ઋષિઓએ હિન્દુ સમાજ અને હિન્દુ સંસ્કૃતિની રચના કરી હતી. તેથી હિન્દુ જાતિ ગમે તેવા વિસંવાદ-વિષમતાઓ કે ઉથલપાથલોથી ડરે તેમ નથી. વિશ્વનિયંતા તરફ નજર ઠેરવી હિન્દુ અટળ-અવિચળ સંડ્યો રહેશે.

સેંકડો જમાનાઓની ઉથલપાથલો, ક્રાન્તિઓ, ભાંગફોડો, હુમલા-ઘેરાણોમાં થઇને હિન્દુજાતિ હજુ ટકી રહી છે-જીવતી રહી છે. જ્યાં સુધી સરજનહાર તરફ એ નજર રાખી રહેશે, ત્યાં સુધી એ જાતિ **અમર** રહેશે-સેંકડો ઉથલપાથલોને

પણ વટાવી જશે.

ધીરતા, સ્થિરતા, સહિષ્ણુતા—એ એક મહાશક્તિ છે. ગતિ, ચંચળતા, અસ્થિરતામાં પણ શક્તિનું ખેલન છે ખરું—પણ મૂળમાં પેલી મહાશક્તિ ન હોય તો ગતિ પણ થંભીને નષ્ટ થઈ જાય છે.

હિન્દુજાતિ જૂનવાણી છે–ઘરડી થઈ ગઇ છે–બહુ પ્રાચીન બની ગઈ છે માનીને શંકાશો નહિ. એ તો જાણે મહાભુજંગની કાંચળી જેવું છે. હિન્દની કાંચળી જૂની થઇ ગઈ છે તેને તજી દેવાની છે. ટૂંકમાં જ એ મહાભુજંગ કાંચળીને ઉતારી નાંખી નવી ચામડી પ્રગટાવશે. જાતિના મૂળ પાયા રૂપ કુંડલિની શક્તિ ઊંઘ વછોડી જાગીને ગાજતી તમને નથી સંભળાતી?

૨ સંઘજીવન

આ જમાનાની જાગૃતિ એ સાર્વત્રિક જાગૃતિ છે–સમાજ આખાની જાગૃતિ છે, મહાજાગૃતિ છે. ને આ યુગની તપશ્ચર્યા, આ યુગની સાધના પણ એ જ પ્રમાણે વ્યાપક અને સર્વદેશી છે–સર્વદેશી થવી જોઈશે. આ નવયુગમાં વ્યક્તિએ સમાજની અંદર એકરસ-એકરૂપ–તદાકાર બની જવું જોઈશે. નવા મહાકોશમાંથી 'હું ને મારુ" શબ્દો ભૂંસી નાંખવા જોઇશે, 'અમે, અમારુ-આપણે આપણું' એ જ શબ્દરચનાઓને ગંભીર સ્થાન આપવું જોઇશે. નાની નાની નજીવી બાબતોનું ધ્યાન ધરી અંગત જીવનના જ વિચારો કર્યા કરી જે કોઈ આજનો કોયડો ઉકેલવા મથશે તે જમાનાના નવપ્રવાહનાં મોજાંઓમાં અથડાઈ—કૂટાઇ તૂટી જશે ડૂબી જશે.

વ્યક્તિસ્વાતંત્ર્યના આજના ઉભરાઓ વડે ભૂલાવામાં મા પડશો સરખા હક અને સમાન અધિકારના દાવાઓની પ્રચાર-લીલામાં ભૂરકાઈ મા જશો. સ્વાર્થ અને અંગત હિતાહિતના

હલકટ શોરબકોરથી ડરી મા જશો. વ્યક્તિવિકાસની તમન્ના જોશ પકડે ત્યારે જ સમગ્ર સમાજને ખાતર આત્મસમર્પણ કરવાનું સૌથી વધારે જરૂરી થઈ પડે છે. પોતાના હક સમજવાની તાકાત આવ્યાથી જ ઐકયની જાળ પણ ખરેખરી ગૂંથી શકાય છે. સ્વાર્થનું અતિ ઉગ્ર આકર્ષણ જ, છેવટે તો સૌને પરમાર્થના રસ્તા પર ઘસડી જાય છે. દીવો બુઝાઈ જતાં પૂર્વે એક વાર ચમકારો મારી જ લે છે ને?

મોટામાં વિલીન થઈ જવાથી જ નાનાંની મુકિત છે-મહત્તાની પ્રાપ્તિ છે. બ્રહ્મમાં અથવા વિરાટમાં વિલીન થવું એનું જ નામ મહામુકિત.

માણસ કુટુંબભરમાં, કુટુંબ સમાજરચનામાં, સમાજ રાષ્ટ્રીય જીવનમાં-એવા ક્રમે જ સૌ સમષ્ટિ જીવનનો સાચો લાહાવો પામે છે ને છેવટે રાષ્ટ્ર પણ વિશ્વબંધુત્વના વિરાટ મેહરામણમાં ભળી જતાં સમગ્ર વિશ્વ એક અદ્ભુત શાંતિસંગીતની મધુરતાથી ગુંજતું રહેશે.

તેથી આજે, આજનાં સૌ નરનારીએ, મોટાંછોટાંએ, બાળક ઘરડાંઓએ સંઘજીવનની ઉન્નતિ કરવા માટે તત્પર થવું પડશે, તેને માટે દીક્ષા લેવી જોઇશે. બધાંનો વિચાર કરતાં થઇ-બધાંની સેવામાં પોતાને ભૂલી જવું જોઈશે, બીજાને સુખે સુખી, બીજાને દુઃખે દુઃખી થવું પડશે-સૌ કોઇની વ્યથામાં પોતે વ્યથા અનુભવવી પડશે. સમાજની આફતમુસીબતમાં, દુઃખત્રાસમાં, સંપત્તિવિપત્તિમાં ભાગીદાર થવું પડશે, આજના યુગની જે અવદશા થઈ પડી છે તે જ માનવીમાં આ જાતની લાગણીઓને પ્રકટ કરી રહી છે.

નવા યુગની આ નવી ભાવના—સામાજિક સાધનાનો રસ્તો ગ્રહણ કર્યા સિવાય શાંતિ કે સુખની નિષ્પત્તિ નહિ જ થાય. વિશ્વબંધુત્વની આખી ય કલ્પના આકાશકુસુમ જેવી-અશકય

થઈ પડશે.

૩ સમાજનું સંગઠન

ત્યારે આ યુગનું ખરું કામ જ એ છે કે સમષ્ટિને માટે તપ આદરવું-સમષ્ટિનું હિત સાધવું. તેથી આજના જમાનામાં માનવીના હૈયામાં એ સાધના કરવાની તમન્ના જાગ્રત થઇ છે, આવી સાધનાનો મુખ્ય આધાર છે-ગુરુદેવ, એની પદ્ધતિરીતિ છે-ગુરુની પૂજા-અનુકરણરુપી પૂજા. યુગના આચાર્યે-યુગવિભૂતિએ જે આદર્શો પ્રવર્તાવ્યા છે, જે કર્મપદ્ધતિ દાખવી છે તે ગ્રહણ કરીને તેમાં મશગૂલ બનવું એ આવશ્યક છે. એ કાર્યમાં આડખીલી રુપ બે વાડ છે-એક છે વ્યકિતસ્વાતંત્ર્ય, નેં બીજી છે સમાનાધિકારવાદ, આ બંને ભાવનાઓ માનવઆત્માની આસુરી લાગણીઓમાંથી જન્મેલી છે. એ આસુરી ભાવ કયા ?

दंभो दर्पोऽभिमानश्च क्रोधः पारुष्यमेव च એ એ ભાવ. આવી આસુરી-તામસી ભાવનાઓમાંથી જન્મેલી અંગત સ્વાર્થની અને સમાનતાની પ્રચારલીલાઓ એ નર્યો મિથ્યાવાદ છે.

જન્મથી મરણ સુધી માણસ માત્ર બીજાઓને અધીન છે. પરસ્પર સૌ એકબીજાને અધીન છે. માબાપ, દીકરાદીકરી, ભાઇબહેન, સગાંવહાલાં, ગુરુચેલા, શેઠનોકર, રાજાપ્રજા, શ્રીમંત મજૂર એ સૌ એકબીજાંઓને ઉવેખી એકબીજાંના સહાય-આધાર વિના આ જગતમાં સુખી થઇ શકે ખરાં ? સુખી થઇ શકયાં છે, શકે છે ? એટલે વ્યકિતસ્વાતંત્ર્યની કલ્પના જ આખી પાયા વિનાની છે. પાણીનું ટીપું મહાસમુદ્રમાંથી અળગું થયા કેડે પોતાનું જીવતર જાળવી શકે છે, નભાવી શકે છે ? કે મેહરામણની અંદર સાથોસાથ રહ્યાથી જ એ ટીપું પોતે મહાન, અક્ષય જીવન પ્રાપ્ત કરી શકે છે ?

અણુસરખાપણું, અવનવાપણું એ તો જગતની મૂળભૂત પ્રકૃતિ છે. જગત આખું ઢુંઢો, પણ બધી રીતે તદ્દન સંપૂર્ણ સરખા એવા બે માનવી કદાપિ નહિ સાંપડે. કોઈ પણ એક જણ રૂપ ગુણ, તાકાત, અક્કલ, સંસ્કાર કે સંપત્તિની બાબતમાં બીજાની સાથે પૂરેપૂરું સામ્ય ધરાવે એ આ જગતમાં બનવાનું નથી. એટલે સૌના કલ્યાણ ખાતર જ જુદા જુદા પ્રકારની વ્યવસ્થાની જરૂર છે. સમાન અધિકારની વાતો, આ રીતે સાવ અર્થહીન છે.

રાજસી ભાવનાઓ છતાં પણ વ્યક્તિસ્વાતંત્ર્ય અને સમાનાધિકારવાદની ઉપયોગિતા કેટલાક સંજોગમાં સ્વીકારવી પડે. તામસી જડતાને દૂર કરવા અને આત્મશક્તિને પ્રાપ્ત કરવા માટે એ અતિ જરૂરી છે. પણ એને જ ધ્યેયરૂપે માની બેસવું એ સાવ અયોગ્ય છે.

જગતમાં તામસ ભાવ ગાદીએ ચઢી બેઠેલો હતો, જ્યારે એકાદ કે થોડાંક માણસ આસુરી ભાવનાઓને વશ થઈ અનેકની ઉપર જુલમજહાંગીરી ચલાવી, જંગલીવેડા આચરતાં, માણસનાં લોહીથી ભોંય રંગાતી અને ચીસો વડે આકાશ ગાજી ઊઠતુ. એ જમાનો આજે તો ચાલતો થયો છે—ભૂતકાળ બનતો જાય છે. આજે તો જગતના માનવીઓના અંતરમાં અવનવી આકાંક્ષાઓ પ્રગટ થવા લાગી છે, અવનવાં મંથનો ચાલી રહ્યાં છે; મહાજાગૃતિ, મહામિલન, મહાસમન્વય, મહામુક્તિ એ આ મંથનોનો વિષય છે. આ જમાનો સહકારનો છે—અસહકાર ને હરીફાઇનું વિસર્જન કરવાનો છે; અને તે જીવનમાં બધાં જ ક્ષેત્રોમાં. અને કેવી રીતે એ બનશે?

એ બનશે સૌના હૃદયમાં શ્રદ્ધા જાગૃત થયાથી; ને ગુરુપૂજાની તમન્ના પ્રગટ થયાથી જ એ શ્રદ્ધાનો પણ આવિર્ભાવ થશે.

ગુરુચરણે સમર્પિત થયેલી શ્રદ્ધાના પ્રકાશમાંથી જ સમગ્ર માનવજાતિના બધા થરમાં—બધા સંબંધોમાં પ્રેમ અને મહામિલનની

ભાવનાનાં કિરણો પ્રગટશે—જેમ ખોરાક એક જ અવયવમાં—પેટમાં જવાથી જ આખું શરીર પુષ્ટિ મેળવી રહે છે, તેમ.

સહકારનો પાયો છે વિશ્વાસ અને શ્રદ્ધા. વિશ્વબંધુત્વ અને વિશ્વસહકાર સ્થાપવાં હોય તો સૌથી પહેલું ભાતુ જોઈશે-શ્રદ્ધા અને વિશ્વાસનું; અને એનો માર્ગ છે-ગુરુપૂજાનો, યુગાચાર્યે—યુગનેતાએ જે ધર્મકર્મનો યજ્ઞ આદર્યો છે, તેમાં પૂરેપૂરી સહાય કરવા માટે અર્પિત થઈ જવાનો.

૪ આ યુગની જરૂરિયાત : સંઘશક્તિ

ઐક્ય ભાવ એટલે જીવન; ભેદભાવ એટલે વિસર્જન મૃત્યુ, અવસાન. વ્યક્તિ એટલે નજીવી શક્તિઓનાં ખેલન; સમષ્ટિ એટલે મહાશક્તિની લીલા; વિશ્વમાં વિરાટ ભાવનાનો વિકાસ.

संहतिः कार्यसाधिका કોઈ મહાન ઉદ્દેશ પાર પાડવો હોય તો મહાન શક્તિ તે માટે દાખવવી જ પડે. જીવ જ્યારે વ્યક્તિગત સ્વાર્થના પ્રેમમાં ડૂલ બની, નજીવી ક્ષુદ્ર વસ્તુઓને લઇને સમષ્ટિના ચૈતન્યથી વંચિત રહે—વિરાટની સાધના પરત્વે ઉદાસીન રહે, ત્યારે તે જડ, મૃતવત બને છે. ઉન્નતિ, અભ્યુદય, આત્મપ્રતિષ્ઠા, આત્મવિસ્તાર, એ બધું એને માટે અશક્ય બને છે. એ ક્ષુદ્રતાને અંતે તો જન્મે છે દુઃખ, અશાંતિ, ધ્વંસ. **भूमैव सुखम् नाल्पे सुखमस्ति** મહત્વમાં મજા છે, સુખ છે; અલ્પત્વમાં સુખ નથી.

વ્યક્તિ જ્યારે સમષ્ટિ ભાવની સાધના કરે, ક્ષુદ્ર જ્યારે મહત્તાને કાજે, વ્યક્તિ જ્યારે સમાજને માટે આત્મદાન કરવા નીકળે, ત્યારે ને ત્યાં જ **મહાશક્તિનું પ્રાકટ્ય થાય છે—મહાશક્તિ પોતાની લીલા દાખવે છે.**

"संघे शक्तिः कलौ युगे"—આજનો જમાનો એ સંગઠિત

શકિતનો જમાનો છે. જ્યાં સંગઠિત ચેતનશકિત પ્રકટ થાય છે, સંમિલિત થવાને મથન ચાલે છે, જ્યાં વ્યકિતની આશા-આકાંક્ષા-તમન્ના-તપ વિરાટને, બૃહત્તરને, સમસ્રષ્ટિને માટે તલ્લીન થઇ જવા આતુર ભાવે દોડે છે-ત્યાં જ મહાશકિતની લીલાનું પ્રાકટ્ય થાય છે. જગન્નિયંતા સર્વશકિતમાન પરમાત્માના એ આશીષ છે.

હજાર હજાર વરસ સુધી અલ્પ-સ્વલ્પના વિચારો કર્યા કરી હિન્દુ જાતિ આજે સંગઠિત ચેતનશકિતથી વિમુખ, નિર્જીવ, જડ બનેલ છે. હજાર વરસ થયાં હિન્દુસમાજમાં કેવળ ભેદભાવ રૂપી દીવાલ રચાઈ છે, જુદાઇના વાડાસીમાડાઓ દોરાયા કર્યા છે, પોતાપણાની રસીખેંચ ચાલ્યા કીધી છે. અને કાચબા સમા આ સ્વશરીરસંકોચનનું પરિણામ સાંપડ્યું છે, દુઃખ, દુર્દશા-જુલ્મ, ભાંગફોડ, અશાંતિ, ઉથલપાથલ, આત્મવિનાશ.

હિન્દુ ! ભૂલી જા તારી અલ્પતાને, તોડીફોડીને ફેંકી દે તારી રસીખેંચને; અને બૃહત્તાનો-મહત્તાનો અંગીકાર કર. વ્યકિતત્વ તરફથી નજર છાંડી સમષ્ટિ તરફ તારી નજર દોડાવ. ને મહાશકિત, મહાકલ્યાણ-મહાશાન્તિ તારે માટે નિર્માણ છે, તારે ભાગ્યે નકકી સાંપડવાનાં છે.

પં કાયાપલટો

માનવીને મોત નથી-મોત છે કાયાને. **जन्म देहांतर-प्राप्तिः**-ઘડપણે દુબળા થયેલા, નિરુપયોગી દેહને જૂનાં ચીંથરાં પેઠે તજી દઈ નવી કાયાનિ પ્રાપ્તિ એનું નામ જ જન્મ.

ને એ બને છે બન્નેયમાં, જેમ વ્યકિત જીવનમાં, તે જ મુજબ સમાજ જીવનમાં ય. સદીઓ પર સદીઓના થર ચઢવાથી વ્યકિતની કાયા પેઠે વિરાટ સમાજ શરીરમાં પણ ઘરડાપો, દુબળાપણું, જડત્વ ઝામી પડે છે. એવી દુબળી-ભાંગીતુટી કાયા રુપી યંત્રમાં જાતીય શકિતનો વિકાસ પ્રગટી શકતો નથી. એટલે

વ્યક્તિની પેઠે જાતિઓને કાયાપલટો કરવો જ પડે છે. ને એ જ જાતીય જીવનની જન્માષ્ટમી—જાતિનો નવજન્મ ઉત્સવ!

જૂની, મહાજૂની, હિન્દુજાતિના સમાજશરીરમાં ઘરડાપા દુબળાઈનાં ચિહ્નો આજે સ્પષ્ટ ભાવે દૃશ્ય થાય છે. પક્ષાઘાતે પછડાયલી હિન્દુજાતિનાં અંગ ઉપાંગ આજે ઢીલાં, પરવશ, વેરણખેરણ, પરસ્પર લાગણીવિહોણાં બની ગયાં છે. અશકત કાયા આજે હિન્દુત્વના આત્માને ધારણ કરી રહી છે; તે તાકાત જોશ, વિરાટ મહત્તા દાખવી શકે તેમ નથી; એને માટે જોઇશે નવો જન્મ, કાયાકલ્પ, નવી કાયાની પ્રાપ્તિ.

આમ હિન્દુ જાતિના શરીરનો પલટો કરવાનો છે, પણ તેની ભાવનાઓ ને તેના આદર્શોનો પલટો કરવાનો નથી એ ખાસ ધ્યાનપૂર્વક યાદ રાખવાનું છે. હિન્દુ ધર્મ છે અજર-અમર—શાશ્વત,—સનાતન હિન્દુની ભાવનાઓ—આદર્શો સ્પષ્ટ છે, અફર છે. હિન્દુની સાધનાઓ છે સુનિશ્ચિત આકારપ્રકારવાળી. એમાં ફેરફાર કરવાનો કશો સવાલ જ નથી. પરજાતીય ધર્મ અને આદર્શોના મારા—ઝપેટાઓ વડે ઘવાયલી અને દુર્બળ બનેલી જાતિકાયાનો જ પલટો કરવાનો છે.

આ નવી કાયાના ઘડતરનું સાધન શું? સાર્વજનિક આદર્શોની પ્રેરણા અને પ્રેમના આકર્ષણ વડે દલિત, પતિત, શૂદ્ર સમેત સમગ્ર હિન્દુજાતિનું મિલન અને ઐક્ય—એ જ એનું સાધન; અને હિન્દુઓનાં સાર્વજનિક મિલનકેન્દ્રો અને મિલનપ્રવૃત્તિઓ ખડાં કરવાં એ જ એ સાધન નીપજાવવાનો માર્ગ.

૬ ક્રાન્તિને અંતરિયાળ જ જીવનનાં અંકુર છે.

બચપણ, જુવાની, ઘડપણ—એ સૃષ્ટિનો સનાતન નિયમ છે. તે પછી જૂનું જ નવે વેશે, નવે રૂપે, નવી ભૂમિકાએ રસાઇને ફરી પ્રગટે છે. નટરાજ મહાકાળનાં સર્વદા ચાલતા—આદિઅંત—

વિહોણા નૃત્યનાં તાલલય વડે જ સર્જન, સ્થિતિ, ને સંહાર બની આવે છે. મહાકાળનાં આ આદિઅંતવિહોણા નૃત્યની રમઝટ લક્ષમાં રાખવાને જે તત્પર રહે છે તે માનવીના જીવન પૃથ્વીના ઘડતરમાં અમર, અનંત પાઠ ભજવે છે.

નટરાજ તો જાણે તાંડવમાં મસ્ત બનેલા છે. મેઘના ઘટાટોપ આડંબરસમી જટા છે. વિકરાળ સૂર્ય સમાં રાતાંચોળ નયનો છે. કાળવૈશાખીના વાવાઝોડાં સમાં ક્રૂર શ્વાસનિઃશ્વાસ ચાલે છે. જૂનવાણું સર્વ કંઇ તૂટવાફુટવાનાં, નવસર્જનના સમારંભનાં બધાંય લક્ષણો સ્ફુટ થઇ રહ્યાં છે.

ને હિન્દુજાતિ આવા મહાન નટરાજ—મહાકાળની પૂજારણ છે—સેવિકા છે—પુત્રી છે. એ નૃત્યના તાલઠમકારા એને અજાણ્યા નથી. શરૂ શરૂથી—આદિકાળથી હિન્દુતું પ્રજાકીય જીવન એ મહાનટરાજના નૃત્યઠમકા વડે નિયંત્રિત થતું રહ્યું છે. હિન્દુના આતમામાં શંકા નથી, વહેમ નથી, સંશય નથી—એતું લક્ષ્યબિન્દુ અચળ—સ્થિર છે!

આજે અનેક સદીઓના પોતવિસારારૂપી પડદા ખસી પડ્યા છે. હિન્દુ જાતિના ઘરડાપો—એતું જડત્વ, એનુ નિશ્ચેતન હવે ઉડી ગયું છે, પરવારી ગયું છે. હિન્દુની વિરાટ જીવનગંગામા આજે જુવાનીનો થનગનાટ ધમધમાટ ઉછળી રહ્યો છે. ને એ ઉછાળામાં પાશવતા, તામસીપણું, આસુરી ભાવો ને ગાડરવેડા સૌ અવશ્ય ડૂબી તણાઈ જવાનાં છે. હિંન્દુ! તારી રગેરગમાં-લોહીના બિન્દુ બિન્દુમાં ભૈરવીનું નૃત્ય ચાલી રહો. ડમરુના ધમધમાટમાં તારી કાયરતાના ચુરેચુરા થઈ જાઓ. ત્રિશુળના ઝણકારમાં, પિનાકના ટંકારમાં, કામે મંડેલી ફરસીની લાલચોળ ચમકજ્વાળામાં તારો આત્મા ત્યાગભાવને રંગે રંગાઈ રહો—સ્વધર્મ ને સ્વજાતિના અભ્યુદય માટે કૂચ કરવા ટમટમી રહો.

૭ સંગ્રામ એટલે જીવન વિશ્રામ એટલે મૃત્યુ

સંગ્રામ એટલે જીવન-સગ્રામવિહેણું જીવન એનું જ નામ મરણ. જડત્વ અને જીવન વચ્ચે, પ્રકૃતિ અને પુરુષ વચ્ચે અખંડ સંગ્રામ ચાલ્યા જ કરે છે-જન્મથી તે મૃત્યુ પર્યંત. અને એ યુદ્ધ દ્વારા જ શક્તિનો સ્ફોટ થાય છે, શક્તિનો વિકાસ, એનો ફાલ, એનો ચમકારો ઝામે છે, આત્મચેતનાનો ઉભરો આવે છે. જીવનસંગ્રામ, આત્મરક્ષણનો યત્ન એ જીવમાત્રનો, માનવીમાત્રનો સ્વભાવ છે, સ્વધર્મ છે. સ્વરક્ષણ-સ્વપ્રતિષ્ઠાનો જ્યાં અભાવ છે, ત્યાં માનવીને સ્વધર્મથી ભ્રષ્ટ થયેલો સમજવો.

એ દૃષ્ટિએ હિન્દુ જાતિ આજે સ્વધર્મથી વિમુખ થયેલી, જીવનસંગ્રામ પરત્વે સાવ ઉદાસીન, સ્વરક્ષણના વિષયમાં નિરુદ્યમી ભાસે છે. કાયાના અંતને હિન્દુએ કદિ પૂર્ણાંત તરીકે સ્વીકારેલ નથી. આત્મશક્તિ અને આત્મચેતનનો વિકાસ એ જ તેનું લક્ષ્યબિન્દુ સદૈવ રહ્યું છે. ને તેથી હિન્દુની જીવનનીતિ તો એ હતી કે-

हतो वा प्राप्स्यसि स्वर्गं जित्वा वा भोक्ष्यसे महीम्

જીવનયુદ્ધમાં કદિક સ્થૂળ કાયા પડી જાય તો એ વાત તો હિન્દુએ ઇચ્છવા લાયક, કલ્યાણકારી લેખી છે. વિજય સાંપડે તો આ જગતમાં જ પ્રતિષ્ઠા અને મુક્તિ મળી જાય. **स्वधर्मे निधनं श्रेयः परधर्मो भयावहः** એ હિન્દુ ધર્મનો પોકાર છે. આત્મરક્ષા ને આત્મપ્રતિષ્ઠા ખાતર લડતાં લડતાં દેહ પડે તો તેથી એ હેતુ સિદ્ધ થવામાં કશી આડ આવતી નથી. એથી તો નક્કીપણે કલ્યાણ થાય છે. બીજી બાજુ નિજધર્મમાં અનાસ્થા, જીવનસંગ્રામમાં ઢીલ અને ઉત્સાહરહિતતા વડે કાયા નો, ઐહિક સર્વસ્વનો તો નાશ થાય જ છે. ઉપરાંત તેના કરતાં ય વધુ નુકસાન થાય છે; ને તે એ કે આત્મિક શક્તિની મંદતા માનવીની ચેતનશક્તિ

પર સ્વાર થઈ બેસે છે.

હિન્દુને આજે નિજ ધર્મમાં–આત્મરક્ષણાર્થે જીવન સંગ્રામમાં મચી ગયે જ છૂટકો છે. યુદ્ધથી વિમુખ રહેતાં રહેતાં આજે તેના ઐહિક ને દૈહિક વિનાશનાં, વ્યકિતગત અને જાતીય ધ્વંસના ચોઘડિયાં બજી ઊઠયાં છે. હવે બચવા બીજો આરો નથી. હવે તો ઓ હિન્દુ! સાહસ ઝમાવ, વીરતા અને મરદાનગીમાં મશગૂલ બન, પરાક્રમ અને શૂરાતન સમેત આફતનો સામનો કર, જીવનના સંગ્રામમાં સ્વરક્ષણ કરવાનું વ્રત લઈ ઘોડે ચઢી જા. બીજો રસ્તો નથી–નથી જ.

૮ આત્મરક્ષણનો યત્ન–એનું જ નામ જીવન

નદી કયારે મરે છે? જ્યારે એનામાં જળ ન હોય ત્યારે એ મરેલી ગણાય છે. જ્યારે ઝરણાં ખૂબ મંદ પડી ગયાં હોય ત્યારે ઘાસ લીલોતરી હળવે હળવે તેના પર સવાર થઈ તેનું નદીપણું ઢાંકી દઇ. મંદ પડેલાં ઝરણને સંપૂર્ણભાવે આચ્છાદી દે છે; ને ત્યારે નદી મૃત્યુ પામે છે, તેનું સૂકામણું બની જાય છે.

એ જ રીતે–જાતિ કયારે મરે છે? જ્યારે જીવનમાં શકિતરૂપી પ્રવાહ નથી હોતો ત્યારે. શકિતનાં ઝરણ થંભી જાય ત્યારે હરકોઈ પ્રજાના જીવનમાં ટપોટપ એક પછી એક કોયડાઓ ઊભા થાય છે. ને એમ ગુંચવાડાઓ વધી જતાં સમગ્ર જાતિ ઘેરાઈ જઈ શબવત બની રહે છે.

હિન્દુનું જાતીય જીવનઝરણ આજે સૂકુંલૂખું થઈ પડયું છે. શકિતનાં વહેણ આજે રોકાઈ ગયાં છે. અસંખ્ય–અનેક ગુંચવાડા કોયડારૂપી શેવાળ આજે તેના પર સવાર થઈ બેઠેલ છે.

ત્યારે તેનો ઉપાય શો?

એ જ રસ્તો છે, જે નદીને માટે હોઈ શકે. નદીના નવજીવન માટે શેવાળને ખસેડી નાંખવામાં ગૂંથાઈ જવું એ ઉપાય નથી.

પરંતુ કોઈક બીજી વેગવંતી, ધમધમતી નદી સાથે જોડાઈ જઇ તેના પ્રબળ ઝરણને પોતામાં ઉભરાવી દેવું એ છે.

એજ રીતે હિન્દુજાતિના અધઃપતનના નિવારણ માટે તેના અનેક કોયડાગૂંચવાડા ઉકેલવામાં મચી જવું એ ખરો રસ્તો નથી. પણ વ્યક્તિગત ને સામાજિક જીવનમાં પ્રબળ શક્તિનાં વહેણ પ્રગટાવવાં એ જ સાચો રસ્તો છે.

ને હિન્દુના જીવનમાં શક્તિ પ્રગટાવવાનો ઉપાય તેના હૃદયમાં આત્મરક્ષણનો, સ્વધર્મ ને સ્વસમાજરક્ષણનો અતૂટ નિશ્ચય ઉપજાવવો, અખંડ હિન્દુત્વના સંગઠનની તમન્ના પ્રગટાવવાં એ છે. **"संघे शक्तिः कलौ युगे"**

૯ સંઘે આદરેલી ધર્મસાધનાની પદ્ધતિ

સંઘનો ધર્મ સનાતન ધર્મ–શક્તિ પ્રાપ્ત કરવી તે છે. ઐહિક, માનસિક, નૈતિક, આધ્યાત્મિક શક્તિ માટેનું મથન–તેનો વિકાસ, તેની સ્ફુરણા માટે તપશ્ચર્યા કરવી તે છે. જે ધર્મ માનવીને બળ નથી અર્પતો, શક્તિનો સર્વાંગી વિકાસ કરવામાં મદદગાર નથી બનતો, તે સંઘની નજરે ધર્મ નથી–એ અધર્મ જ છે. હિન્દુ જાતિ અને સમાજને આવા અપધર્મના પંજામાંથી બચાવી લઈ સાચા સનાતન ધર્મની દીક્ષા આપવી એને આ સંઘ (ભારત સેવાશ્રમ સંઘ) સાચો ધર્મપ્રચાર સમજે છે.

સંઘ વ્યક્તિગત તથા સામાજિક જીવનમાં બળ, શક્તિ પ્રગટાવવા મથે છે. બળ મેળવવું એ શક્તિસાધનાનું શારીરિક સ્વરૂપ છે. ધારેલો સંકલ્પ પાર પાડવો તે શક્તિસાધનાનુ માનસિક રૂપ છે. ઇન્દ્રિસંયમ અને રિપુદમન એ શક્તિસાધનાનું નૈતિક સ્વરૂપ છે. ગુરુસુશ્રુષા એ શક્તિસાધનાનું આધ્યાત્મિક સ્વરૂપ છે. હિન્દુ જાતિને આવી સર્વાંગી સાધનાને રંગે રંગાવી, તેની દીક્ષા આપી નવયુગ પ્રગટાવવા અર્થે જ સાચા નેતા,

ગુરૂ, પથપ્રદર્શક, બ્રહ્મચર્યમૂર્તિ, શક્તિપ્રતિમા રૂપ **આચાર્ય સ્વામી શ્રી પ્રણવાનંદજીનું** અવતરણ થયું છે.

શક્તિની સાધના એ બધી સાધનાઓનું મૂળ છે. એને અભાવે હિન્દુની બધીય પ્રવૃત્તિઓ-સામાજિક, રાષ્ટ્રીય, આર્થિક, સાંસ્કૃતિક-બધી જ પ્રવૃત્તિઓ અર્થ વિનાની ને નિષ્ફળ છે. શક્તિ મેળવ્યાના અભાવે ધર્મ આજે બાયલાવેડા અને નિષ્ક્રિયતાનું રૂપાંતર બની ગયો છે; સમાજમાં ખાનદાન-કુળની અને ખણખણતા કનકકાંચનની ખાનદાની-નું જોર વ્યાપી રહ્યું છે; અનાચાર અને કુસંસ્કારનો ફાલ ફેલાઈ રહ્યો છે. રાષ્ટ્રક્ષેત્રમાં કુટિલતા, વિશ્વાસઘાતકતા, કુનીતિ, વાડાબંધી, ગજગ્રાહ ને મારામારીનાં તાંડવો ચાલી રહ્યાં છે. સંસ્કૃતિને નામે કેવળ ઈંદ્રિયોને સંતુષ્ઠ કરવાનું-પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સ્પષ્ટ વિલાસીવેડાનું નર્તન ગાજી રહ્યું છે.

ને તેથી હિન્દુ જાતિને આજે પોતાપણામાં અશ્રદ્ધા જાગી છે, પોતાની પ્રતિષ્ઠા પરત્વે પણ એ ઉદાસીન બની છે. ભીરૂ, દુર્બલ, બાયલાઓ સ્વરક્ષણ કરવામાં અશક્ત જ નીવડે છે.

હિન્દુ પાસે બધું છે-ફક્ત નથી બળ-વ્યક્તિગત કે સામાજિક બળ. જે એને બળ પ્રાપ્ત કરવાની ચાવી દાખવશે, જે એનું આહ્વાન આપશે તે જ આજે હિન્દુનો સાચો સંગાથી-સાચો દોસ્ત ઠરશે.

રસપ્રવૃત્તિ તરફ લોભાવનારા, કળાના મોહમાં ગરકાવ કરનારા સાહિત્ય ને સંગીત ને નૃત્ય⋅⋅આદિની પ્રગતિરૂપી માયામાં ને રાજનીતિની ભૂલભૂલામણીમાં જેઓ હિન્દુને આજે ખરાબે ચઢાવી રહ્યા છે, જેઓ એને અશક્તિ, ભીરૂતા, બાયલાવેડા, આળસ, ને ઇંદ્રિયવિલાસમાં મગ્ન કરી આદર્શથી ભ્રષ્ટ કરી રહ્યા છે; તે હિન્દુના સૌથી ભયંકર દુશ્મન છે. એવા ભયંકર શત્રુ તો વિદેશીઓ કે વિધર્મીઓ પણ ન ગણાય.

૧૦ શક્તિનાં મૂળ

સંયમ ને સહિષ્ણુતામાં શક્તિનો સાચો પરચો પરખાય છે. ભાંગવું-તોડવું સહેલું છે. ઘડવું, રચવું કઠણ છે. ભાંગવા કરતાં રચવામાં જ શક્તિ ને વીરત્વ ખરાં દર્શન દે છે. વિપ્લવમાં, ઉચ્છૃંખલતામાં પણ શક્તિનાં ખેલન તો દેખાવાનાં. હા પણ એ શક્તિને સંયમિત, નિયંત્રિત કરી આત્મકલ્યાણ અને જગત-કલ્યાણમાં યોજવી એનું જ નામ સાચું વીરત્વ. જે રણવીર છે તે ખરો પરાક્રમી નથી; જે મનવીર છે, મનને જીતે છે તે જ સાચો પરાક્રમી છે. **"जितं जगत् केन ? मनो हि येन"** કામચલાઉ કારણે નીપજેલા ઉછાળામાં કે ધાંધલ ધમાલના ઉન્માદમાં, કોઈક મોટું કામ કરવાના તનમનાટમાં શક્તિનું પ્રમાણ જણાઈ આવે છે, એ ખરું; પણ એમાં સાચું વીરત્વ છે એમ ન કહેવાય.

મહારાણા પ્રતાપસિંહ દિલ્હીના સમ્રાટ અકબર વિરુદ્ધ જીવનભર ઝુઝયા ને અસાધારણ શક્તિ બતાવી પણ એ શક્તિનો સાચો પાયો તો હતો-રાણાની આદર્શપરાયણતા ને સ્વધર્મનિષ્ઠા. જ્યાં સુધી મેવાડને સ્વતંત્ર ન કરું ત્યાં સુધી પરાળ પર જ સૂઈ રહું, પત્રાવળિમાં જ ભોજન કરું, ઝુંપડીમાં જ વાસો કરું-આવું કઠોર વ્રત તેણે જીવનભર પાળેલું. રાણા પ્રતાપનું સાચું વીરત્વ એમાં પ્રતીત થાય છે.

હિન્દુ જાતિને એવા વીરત્વ આજે જરૂર છે-આવી આદર્શપરાયણતાનો ખપ છે. રાજદ્વારી હીલચાલ, ધમાલ વડે વખતજોગી ક્રાન્તિ કરવી-કરાવવી, જેલમાં જવું યા ફાંસીએ ચઢવું કે દેશનિકાલ થવું એમાં ત્યાગ છે, આત્મપ્રસાદિ છે, ઉછાળો છે; પણ સાચું વીરત્વ અને સાચી શક્તિમત્તા ઝાઝાં નથી. હિન્દુ સ્વધર્મ અને સ્વસમાજ ખાતર, આદર્શ સિદ્ધ કરવા

માટે ગમે તેટલાં દુઃખ, દર્દ, કષ્ટ, ગરીબાઈ, કલેશ હસતાં હસતાં સહન કરે, જીવનભર સહન કરે–ત્યારે જ સમજીશું કે હિન્દુએ સાચી વીરત્વની દીક્ષા લીધી છે–હિન્દુ સાચી શક્તિને રંગે રંગાયો છે.

૧૧. સ્વધર્મ શો છે?

સ્વરક્ષણ અને આત્મવિસ્તાર એ જીવમાત્રનો સ્વભાવ છે, કુદરતી પ્રવૃત્તિ છે, માનવપ્રકૃતિનો ધર્મ છે. આ કુદરતી પ્રવૃત્તિ જ્યાં બંધ કે લુપ્ત થઈ ગઈ છે ત્યાં મૃત્યુની હકુમત પ્રવર્તે છે. તે સ્થળે જીવ જડ, પ્રાણવિહોણો, મૃત લેખાય છે.

સમાજ પણ એક જીવતી ચીજ છે. સમાજ દેહમાં પણ એક કુદરતી, વિરાટ પ્રાણઝરણુ હોય છે. સ્વરક્ષણ ને આત્મવિસ્તાર એ જીવતા સમાજનો કુદરતી સ્વધર્મ છે. જે સમાજમાં એ ધર્મનો અભાવ છે, તે જડ, મરણતોલ, મુડદાલ છે.

હિન્દુ આજે ધર્મવિમુખ બનેલો છે. એના અંગત ને સામાજિક જીવનમાં આત્મવિકાસનું મંથન–તેની પ્રવૃત્તિ બંધ જેવી થઈ ગઈ છે. એટલે જાતિ તરીકે હિંદુ આજે મુડદાલ, દૂબળો, બાયલા તરીકે જુલ્મ અને લાંછના પામી રહેલ છે.

હિંદુએ તેથી અંગત તથા સામાજિક જીવનમાં સચ્ચા સ્વધર્મની દીક્ષા લેવી જ જોઈશે. આત્મરક્ષણધર્મની અગંત ને સામાજિકરૂપે દીક્ષા લઈ હિન્દુએ સંગઠિત અને બળવાન બનવું જોઈશે. **स्वधर्मे निधनं श्रेयः**–આત્મરક્ષારૂપી ધર્મના પાલન કાજે મોત થાય તો તેથી જીવનનો ક્રમવિકાસ કુંઠિત નથી થવાનો. નવી નવી કાયાઓ ધારણ કરીને ય એ કાર્યસ્રોત ચાલુ રહેશે.

જે વ્યક્તિ–જે સમાજ આ પાયારૂપી અનિવાર્ય જીવનધર્મ

ન સ્વીકારે તેને ઊંચા પ્રકારના, વધારે ગહન, બૃહત્ આદર્શો સ્વીકારવાનો અધિકાર શો? જે સ્વબચાવ કરવાને અસમર્થ છે, એવા ભીરુ, કાયર, નાતવાન હિન્દુના મોમાં, જટિલ વાદવિવાદો, વિશ્વોદ્ધારની વાતો–કળાકારીગરીની ચર્ચાચર્ચા એ કોઈ બિહામણી લાશ મોં ફાડી કરડવા ધાય તેના જેવું લાગે છે.

સ્વબચાવ ને સ્વોન્નતિની પ્રવૃત્તિ અને તેનો આગ્રહ એ જ શકિતરૂપી વ્યાપારની મૂળ મૂડી છે. અને એમાંથી જ એ બન્ને પ્રવૃત્તિઓ વેગ અને વૃદ્ધિ પામે છે.

હિન્દુ! તારે જીવવું છે? જીવવું હોય તો સાચો જીવનધર્મ–આત્મરક્ષણનું વ્રત મુખ્ય સાધનરૂપે ગ્રહણ કર.

हतो वा प्राप्स्यसि स्वर्गं जित्वा वा भोक्ष्यसे महिम्.

૧૨ હિન્દુના સ્વરક્ષણના ઉપાયો

આફતરૂપી ઘા લાગ્યાથી હિન્દુની અનેક સદીઓની ઊંઘ આજે ટળી ગઈ છે–ભાંગી ગઈ છે. હિન્દુ જાતિની વિરાટ કાયા ખૂબ ઘાજખમોથી લોહીલોહાણ થઈ આજે સાનભાન મેળવવા પામી છે. હિન્દુ જાતિ બરાબર જાગૃત થઈ આત્મરક્ષાર્થે ઝંપલાવે તો એ વિપદ જ તુરત સંપદ રૂપ ધરી લેશે. Common-danger creates nationality–એકસરખી આફત સંગઠનનો મારગ સુઝાડે એ વાત સાવ સાચી છે. જ્યારે બધા રહીશો પર કોઈક આફત એકસરખો ઘા કરે છે, ત્યારે જ રાષ્ટ્રીયતા, ઐકય ઉર્ફે સંઘબદ્ધતા જન્મે છે. હિન્દુ જાતિ સમક્ષ આજે તેવી જ આફત આવીને ખડી થઈ છે. સ્વબચાવનો સવાલ એ આજે એને માટે સર્વથી જટિલ–સૌથી મોટો પ્રશ્ન થઈ પડેલો છે. ને એ કોયડા અંગે જ વેરવિખેર થઈ પડેલી વિરાટ હિન્દુ જનતા માટે સમન્વય ને એકતા સાધવાનો મહાયોગ

આવી મળ્યો છે. વિધાતાની એ કૃપા છે, વિધાતાના એ માટે આશીર્વાદ છે.

હિન્દુ સ્વભાવે શાંતિપ્રિય, બીનતકરારી, અહિંસક છે. કેટલું ય દુઃખદમન ગુપચુપ સહન કરતો આવ્યો છે–મોં ખોલી વિરોધ પણ કર્યો નથી. પરિણામે તેને વધુ ને વધુ માર પડતો ગયો છે. તેની સહિષ્ણુતાનો હવે અંત આવી ગયો છે. હવે તેણે દૃઢ અવાજે પોકાર કરવો જ રહ્યો. તે માટે શકિત મેળવવી જ રહી. અલબત્ત, એ પોકાર ને એ શકિત કોઇની સાથે અથડામણમાં આવવા માટે નથી. બીજાઓની સાથે અથડામણમાં આવવું એ હિન્દુના સ્વભાવમાં ઝાઝું છે જ નહિ. તેથી તો તકરાર-ટંટાને એ બાજુએ ઠેલતો આવ્યો છે. પણ હવે તે નિરુપાય થઇ જાય એ સ્થિતિ આવી પડી છે. બચાવ અર્થે પાછળ હઠવા જોગી જગા ય હવે તેને માટે રહી નથી. હવે તેણે સખત થઇને ટટાર ઊભું રહેવું જ પડશે. આફત આવે તો તેને ભેટવા છાતી ધરીને ખડા રહેવું પડશે. **हतो वा प्राप्स्यसि स्वर्गं जित्वा वा भोक्ष्यसे महीम्**–એ તો એને એના ભગવાને કહ્યું જ છે ને!

અમે ફરીથી કહીશું કે હિન્દુનું આ સંગઠન મુસ્લીમોના વિરોધમાં નથી. વેરઝેરને અંગે હિન્દુમાં કોમવાદ ન જાગવો ઘટે. હિન્દુએ સમજવું ઘટે–યાદ રાખવું જોઇશે કે વિરોધમાંથી શાન્તિ કે વિદ્વેષમાંથી મિલન પ્રગટવાની આશા રાખવી એ ખોટું છે. હિન્દુ ને મુસ્લિમોએ–બંનેએ હેતપુર્વક જ દેશમાં રહેવું પડવાનુ છે. એક ધર્મ બીજાનો નાશ કરી શકશે નહિ–બંને ધર્મના નેતાઓએ આ વાત સમજી લેવી ખાસ જરૂરી છે.

હિન્દુએ આજે સ્વધર્મ, સ્વસમાજ, સ્વાધિકાર, સ્વમાન વગેરેના રક્ષણ અર્થે વ્રત લઇ અવિઘ્નએ તત્પર બની જવાનું છે. તેથી જ કહ્યું કે શકિતનો સંગ્રહ કરવાનો છે. શકિત પ્રાપ્ત કરવાનો

ઉપાય સમગ્ર હિન્દુતત્વનું સંગઠન. એ સંગઠન કરવા માટે તમામ પંથવાડાના હિન્દુઓનું આડવાડ વિનાનું મિલન કરવું જોઈએ. એ મિલન અભંગ બનાવવા માટે ઉજળિયાત હિન્દુઓએ સહૃદય બની છુતાછુત ભાવ ભૂંસી નાંખી, પડેલાં દબાયલાં હિન્દુ ભાંડરડાને ધાર્મિક ને સામાજિક અધિકારો આપવા જ જોઇશે. બીજી બાજુ પડેલાં-દબાયલાંઓએ પણ બીજા ધર્મવાળાઓએ ધરેલી લાલચ-ખુશામત જાળને તરછોડી ઉજળિયાતો પ્રત્યેના અણગમો દૂર કરી વિના સંકોચે આ મિલનયજ્ઞમાં જોડાવાંનો નિશ્ચય કરવો પડશે સ્વરક્ષણનો સવાલ જાતિ સમક્ષ મુખ્ય ભાવે મૂકાયો કે તરત જ તુચ્છ વાદવિવાદો ને વાડાબંધીઓના ગૂંચવાડા આપોઆપ ઓગળી જશે. હિન્દુએ આજે નવેસરથી પોતાના ધર્મનો, પોતાની જાતીયતાનો મર્મ સમજવો જોઈશે. હિન્દુ ધર્મ ખરું જોતાં મરદાનગી પર જ રચાયો છે. હિન્દુના દેવો શક્તિની પ્રતિમા રૂપ છે-અસ્ત્રશસ્ત્રે સુસજ્જિત છે. જુલમી દૈત્યોનું દમન કરવું, દુષ્ટોને દલિત કરવા એ જ હિન્દુ દેવોની લીલા ગણાઈ છે. હિન્દુના ભગવાને ગીતામાં ધર્મની પહેલી વ્યાખ્યા બાંધી છે: **"क्लैब्यं मा स्म गमः"** બાયલા ન બનો, બાયલાવેડા એટલે પાપ. વીરત્વ-પુરુષત્વ એટલે જ પુણ્ય. હિન્દુ! આજે તારે પોતાના રક્ષણનું વ્રત બઈ તે કાર્યના યજ્ઞમાં હોમાઇ જવાનું છે. **स्वधर्मे निधनं श्रेयः ।**

હિન્દુઓ! સંભારો તે રાણા **પ્રતાપની** વાત, જેણે નિજ-ધર્મના રક્ષણાર્થે જીવનભર આકરું તપ કર્યું. સંભારો મહારાષ્ટ્રીય **વીર શિવાજીએ** હિન્દુઓના સંગઠન માટે કરેલી મહાન પ્રવૃત્તિ. શિખ ગુરુ **ગોવિંદસિંહની** સંઘશક્તિ સર્જવાની મથામણ યાદ કરો.

આત્મરક્ષણનો નિશ્ચય અને સંઘશક્તિના સંગઠન માટેનો યત્ન, તેના પ્રત્યેની પોતાની ફરજ સૌ હિન્દુ નરનારીના પ્રાણમાં

જાગૃત બનો. એ હેતુને અમલી કાર્યરૂપે પાર પાડવા ને સાર્થક કરવા માટે જ આ સંઘે **હિન્દુ મિલન મંદિર અને રક્ષક દળની** સ્થાપનાનો કાર્યક્રમ ઉપાડેલો છે. દેશના નેતાઓએ એકે અવાજે આ પદ્ધતિને સર્વોત્તમ જાહેર કરી છે ને જ્યાં આવાં દળ સ્થપાયાં છે, મિલન મંદિર નીકળ્યાં છે. ત્યાં હિન્દુ-મુસ્લીમો ખૂબ સંપથી અને આનંદે રહે છે—શાંતિ માણે છે. અતૂટ ધૈર્ય ને વૈતરું આપણે આ કાર્ય માટે ખરચવાં જોઈશે. પુષ્કળ ત્રાસ અને ત્યાગ સ્વીકારવા પડશે. હૈયાના રૂધિર ઢાળવાં પડશે. એ થશે ત્યારે જ હિન્દુઓ શક્તિશાળી બનશે ને હિન્દુત્વ પર આવતા હુમલાઓને હઠાવીહઠાવી ઊંચે માથે ને ટટાર છાતીએ સગર્વ ઊભા રહેશે.

મુદ્રક: **નટવર મૂ. વીમાવાળા**, 'ગાંડીવ' મુદ્રણાલય, હવાડીયા ચકલો, **સુરત.**

પ્રકાશક: **સ્વામી આત્મસ્વરૂપાનંદજી**, ગુજરાત હિંદુ મિલન મંદિર, એની બેસન્ટ રોડ, ગોપીપુરા. **સુરત.**

મુંબઈમાં મળવાનું ઠેકાણું : **ગાંડીવ સાહિત્ય મંદિર**, (શાખા) અનંતવાડીને નાકે, ભુલેશ્વર, **મુંબાઈ.**

વીર સાધકની સાધના

"સાધકને ખપે છે શક્તિ. એ શક્તિની પ્રાપ્તિ આંતર અને બાહ્ય સંગ્રામ દ્વારા સિદ્ધ થાય છે. એ સંગ્રામની ગેરહાજરી જે ઠેકાણે હોય, તે ઠેકાણે સાધનાની પણ ગેરહાજરી સમજવી.

સાધક જ્યાં લગી સંગ્રામની અંદર ઝૂકેલો રહે છે. ત્યાં લગી ભય કે ભીતિ તેના દિલમાં ડોકિયું કરી શકતા નથી. એ બધો જ વખત તેનું અંતર અમાપ ઉત્સાહ, શૌર્ય, તેજ અને પરાક્રમથી ઉભરાતું રહે છે; અને સંગ્રામમાં વિજય મેળવવાની તથા આત્મરક્ષા માટેની ઉત્સુકતા અને ધગશના ધોધ તેમાં વહેતા રહે છે. આત્મરક્ષા અને સંગ્રામમાં વિજય મેળવવા માટે આ ઉત્સુકતા, ઉદ્વેગ અને ધગશના ભાવ સાધકના દિલમાં ક્યારેય પણ દુઃખ કે અશાંતિ આવવા દેતા નથી; આવવા દે છે માત્ર પ્રબળ ઉદ્યોગ, ઉત્સાહ ને ઉદ્યમ; પ્રગટાવે છે વિપુલ વિક્રમ, શાર્ય, વીર્ય ને પરાક્રમ.

આત્મરક્ષા માટેનાં આ ઉદ્વેગ અને ઉત્કંઠાનો અભાવ મનુષ્યના દિલમાં જ્યારે પણ ઉપસ્થિત થાય છે, ત્યારથી તેનાં શૌર્ય, વીર્ય અને પરાક્રમનો લોપ થતો જાય છે, અને તે પછી તે નિર્જીવ, નમાલું અને જડવત્ જીવન જીવતો રહે છે.

વીર સાધક કશાયનો ભય જેમ કદાપિ ન રાખે કે દુઃખ–દુર્વિપત્તિની કલ્પના સરખી મગજમાં કદી આવવા ન દે, તેમ કોઇ પ્રકારના સુખ–સગવડ ને આરામ–વિશ્રામની અભિલાષાને ન સેવે કે ન પોષે. વીર સાધકે તો હમેશાં ઘોર સંગ્રામમાં ઝૂઝતાં ઝૂઝતાં અને જાતજાતના દુઃખ–સંકટ અને અગવડોનો સામનો કરતાં કરતાં નિજ અભિષ્ટ સિદ્ધિને હસ્તગત કરવી ઘટે. એ જ એની મહદ્ ભાવના હોય અને એ જ એનો અવિચળ સંકલ્પ હોય."

—યુગાચાર્ય સ્વામી શ્રી પ્રણવાનંદજી મહારાજ

(સંઘ ગીતામાંથી)

૨૮ આધ્યાત્મિક સાધનાને પંથે .... (હવે પછી)
૨૯ યુગાચાર્ય સ્વામીશ્રી પ્રણવાનંદજીનું જીવન ચરિત્ર ,,
૩૦ યુગાચાર્યશ્રીનું ઉપદેશામૃત .... ,,
३१ युगाचार्य जीवनचरित (हिन्दी) ... ०-४-०
३२ भारत सेवाश्रम संघका संक्षिप्त परिचय (हिन्दी) ०-४-०
३३ ब्रह्मचर्य ... ...(,,) ०-४-०
34 Re-organisation of India 1-0-0
35 Warning to the Nation 4-0-0

તા. ક:–એક રૂપીયાથી ઓછી કિંમતના પુસ્તક કે પુસ્તકો વી. પી.થી મોકલવામાં આવતા નથી; માટે ઓર્ડર સાથે જ પેકીંગ તથા પોસ્ટેજ ખર્ચ (બુક પોસ્ટ માટે ૦-૧-૬ તથા રજીસ્ટર્ડ બુક પોસ્ટ માટે ૦-૫-૬) સાથે તે પુસ્તક અથવા પુસ્તકોની કિંમત મનીઓર્ડરથી મોકલી આપવા વિનંતિ છે.

—: યુગાચાર્ય સ્વામીશ્રી પ્રણવાનંદજીના ફોટો :—

મોટા સાઈઝના ૦-૮-૦, મધ્યમ સાઇઝના ૦-૩-૦
નાના સાઈઝના ૦-૧-૦

—: યુગાચાર્યશ્રીના લોકેટો :—

મોટા સાઈઝના ૦-૪-૦, નાના સાઈઝના ૦-૨-૦

: વાર્ષિક લવાજમ :
હિંદુસ્તાન માટે
રૂા. ૪-૦-૦

મિલન મંદિર
(માસિક પત્રિકા)

વિદેશ માટે
રૂા. ૬-૦-૦
અથવા
શિ. ૧૦-૦-૦

હિંદુ ધર્મ તથા હિંદુસંસ્કૃતિના પુનરૂદ્ધાર, પુનરૂત્થાન તથા પુનઃપ્રસાર માટે તેમજ હિંદુસમાજના સંગઠન અને સંરક્ષણ માટે કટિબદ્ધ થયેલી મશહૂર સંસ્થા–ભારત સેવાશ્રમ સંઘ–ના મુખપત્ર તરીકે આ માસિક પત્રિકા હિંદી તથા ગુજરાતી ભાષામાં જલદીથી પ્રગટ થનાર છે.

દરેક હિંદુ ભાઈબહેનોને ગ્રાહક થવા વિનંતિ છે.

"અમારૂં મિલન મંદિર એ કંઇ ઇંટ-ચૂનાનું મંદિર નથી. હિંદુસમાજના નાના નાના વેરણખેરણ ભાગ વિભાગોને એક સૂત્રે ગુંથીને તે વડે અમે એક વિરાટ **હિંદુ મિલન મંદિર** રચીએ છીએ."

—યુગાચાર્ય સ્વામીશ્રી પ્રણવાનંદજી મહારાજ.

(યુગાચાર્ય જીવન ચરિતમાંથી)

"હિંદુના દિલમાં અખંડ એકતાની ભાવના, સ્વધર્મ અને સ્વસમાજ પ્રત્યેની ઉત્કૃષ્ટ લાગણી અને મમતા, ધાર્મિક આચાર, અનુષ્ઠાન અને સાધના પરત્વે અડગ આસ્થા અને અનુરાગ તથા સ્વસભ્યતા અને સ્વસંસ્કૃતિ ઉપર અગાધ શ્રદ્ધા ઉત્પન્ન કરીને હિંદુસમાજનો મહાન અભ્યુદય સાધવો અને તેને પુનઃ પૂર્વ ગૌરવની ટોચે ચઢાવવો-એજ છે સંઘે હાથ ધરેલી **હિંદુ મિલન મંદિર અને રક્ષક દળની** પ્રવૃત્તિનું પરમ અને ચરમ ધ્યેય."

—યુગાચાર્ય સ્વામીશ્રી પ્રણવાનંદજી મહારાજ.

(હિંદુ સંગઠન મંત્રમાંથી)

વ્યક્તિગત ઉપદેશ માટે લખો યા મળો :—

સ્વામીશ્રી અદ્વૈતાનંદજી

:મંત્રી:

ગુજરાત હિંદુ મિલન મંદિર,	ભારત સેવાશ્રમ સંઘ,
ભારત સેવાશ્રમ સંઘ,	કલ્યાણ નગર સોસાયટી,
એની બેસન્ટ રોડ,	નરોડા રોડ, **અમદાવાદ.**
ગોપીપુરા, **સુરત.**	